પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૮ | ૯ ડિસેમ્બર, ૨૦૧૭, શનિવાર ; માગસર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે પ્રથમ તબક્કાનું મતદાન

## આજે ૮૯ બેઠકો પર ૯૭૭ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : પ્રથમ ચરણમાં સૌરાષ્ટ્ર- દક્ષિણ ગુજરાતના ૨૧૨૫૩૧૬૫૨ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે : ૨.૪૧ લાખ કર્મચારી ફરજ પર

અમદાવાદ, તા.૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા આવતીકાલે મતદાન યોજનાર છે. આને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.ગઈકાલે ગુરૂવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદ ઉમેદવારોએ ઘરે ઘરે જઈને પ્રચાર કરવાની શરૂઆત કરી હતી. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં મતદાન યોજનાર છે. પ્રથમ તબક્કામાં આ બે વિસ્તારોમાં ૮૯ સીટ પર નવમી ડિસેમ્બરના દિવસે મતદાન થશે. પ્રથમ ચરણમાં ૨.૧૨ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ચૂંટણી પંચ દ્વારા ૯૩ લાખ એસએમએસ કરવામાં આવનાર છે. આ ઉપરાંત ચૂંટણીને સાનુકુળ રીતે પાર પાડવા માટે ૨.૪૧ લાખ કર્મચારીઓ ચૂંટણી ફરજ પર તૈનાત કરવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં ચૂંટણી થનાર છે. જેમાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અને બોટાદનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ૫૪ સીટો છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લા માટે પણ મતદાન થનાર છે. જેમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, અને વલસાડનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં કુલ ૩૫ સીટો રહેલી છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૧૯ જિલ્લાને આવરી લેતી ૮૯ સીટ પર પ્રથમ તબક્કામાં મતદાન યોજનાર છે.પ્રથમ તબક્કાની ચૂટણી માટે ૧૪૧૫૫ સ્થળો પર ૨૪૬૮૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કુલ ૨૧૨૫૩૧૬૫૨ મતદારો તેમના



### ખરાખરીનો જંગ



● અનુસંધાન પાન-૫ પર

## લાલૂ પરિવારની ૪૫ કરોડની સંપત્તિ જપ્ત

### ઇડીની કાર્યવાહીથી ભારે ખળભળાટ : લાલૂ અને તેમના પરિવાર ઉપર સકંજો વધુ મજબૂત : 3 એકર જમીન લાલૂ-તેમના કુટુંબ સભ્યોના નામ પર હતી

નવીદિલ્હી, તા.૮

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના નેતા લાલૂપ્રસાદ યાદવ સામે સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. ઈડીએ લાલૂ યાદવ અને તેમના પરિવારના સભ્યોની ત્રણ એકર જમીન જપ્ત કરી લીધી છે. આઈઆરસીટીસીને હોટલ ફાળવવાના મામલામાં લાલૂ યાદવ અને તેમના પરિવારની મુશ્કેલી સતત વધી રહી છે. ઈડીએ આ સમગ્ર મામલાથી જોડાયેલા લાલૂ અને તેમના પરિવારની ત્રણ એકર જમીનને જપ્ત કરી લીધી છે. પટણા સ્થિત આ સંપત્તિની કિંમત ૪૫ કરોડ રૂપિયાની આસપાસની હોવાની માહિતી મળી છે. ઈડીના સૂત્રોએ કહ્યું છે કે, આ જમીન લાલૂ યાદવના પરિવારના લોકોના નામ ઉપર હતી અને હાલના સમયમાં તેના પર મોલ બનાવવાની કામગીરી ચાલી રહી હતી.

## દેશમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને હરિયાણા સૌથી વધુ ઝડપે વિકસતા રાજ્યો : ક્રિસિલ

ન્યુ દિલ્હી,તા.૮

ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલ દ્વારા જાહેર કરવામાં આવેલ પાછલા પાંચ વર્ષના નાણાકીય રીપોર્ટમાં ગુજરાત, મધ્ય પ્રદેશ અને હરિયાણા સૌથી ઝડપે વિકસતા રાયો તરીકે ઉભરી આવ્યા છે. આ રાયોનો એવરેજ જીએસડીપી ગ્રોથ ૧૦% જેટલો વધુ છે. આ રીપોર્ટ તૈયાર કરવા ક્રિસિલે મેક્રોઈકોનોમીના ત્રણ પેરામીટરનો ઉપયોગ કર્યો છે. ગ્રોથ, ઈન્ફ્લેશન અને નાણાંકીય હેલ્થ. અલબત્ત, કેટલાક ડેટાના અભાવે એનાલિસીસ નોટબંધી પહેલાના સમય સુધીનું જ છે.

અહેવાલમાં વિકસતા રાયોમાં સ્થાન પામવા માટે જીડીપી ગ્રોથ રેટ ૬.૯% વધારે, ઈન્ફ્લેશન રેટ ૬.૮%થી ઓછો અને ઋણ જીડીપી રેશિયો ૨૩.૭% અને રાજકોષીય ખાધ ૩%થી નીચે હોવી જોઈએ તેવા પેરામીટર રાખવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૫ પર

## નેપાળમાં ભૂકંપના હળવા આંચકા

કાઠમાંડૂ,તા.૮

ગોપાલગંજ, મોતીહરિ, સમસ્તીપુર સહિત અનેક જિલ્લાઓમાં સવારે ૮:૨૧ વાગ્યે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. એકાએક આવેલા ભૂકંપને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. નેપાળને અડીને આવેલા વિસ્તારોમાં આવેલા ભૂકંપના હળવા આંચકા વિશે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૯ નોંધાઈ હતી.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## ગુજરાતમાં જો નુકસાન થશે તો સજા માટે તૈયાર : ઐયર

### વડાપ્રધાન સામે નીચ શબ્દ પ્રયોગ કર્યા બાદ ગુજરાતમાં કોંગ્રેસને નુકસાન થવાની દહેશત વધી : અય્યર ચિંતાતુર

મુંબઈ, તા.૮

કોંગ્રેસ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાના એક દિવસ બાદ મણિશંકર અય્યરે આજે કહ્યું હતું કે, તેમના નીચ આદમી સૂચનના કારણે ગુજરાત ચૂંટણીમાં જો પાર્ટીને નુકસાન થશે તો કોઈપણ પ્રકારની સજા સ્વીકારવા અને ભોગવવા માટે તેઓ તૈયાર રહેશે. અય્યરે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ તેમને ઘણુ બધુ આપ્યું છે. આ પાર્ટી વગર ભારતનું કોઈ ભવિષ્ય ન હતું. ભારત-પાકિસ્તાન સેમિનારના ભાગરુપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, તેમના દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે જે કંઈપણ નિવેદન કરવામાં આવ્યું છે તેના કારણે જો નુકસાન થશે

● અનુસંધાન પાન-૫ પર

આયુર્વેદિક દવાઓ

આયુર્વેદિક નિદાન કેમ્પ

દર શનિવારે સાંજે ૫ થી ૮

તપાસ ફી ૧૦૦ રૂપિયા



MM WellCARE

Manoj M. Trivedi | 98793 48048

Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415



ગુજરાતના તમામ વર્ગોની **ખુશહાલી** માટે... કોંગ્રેસ આવે છે

**ખેડૂતો માટે**
- દેવા નાબૂદી • ૧૬ કલાક વીજળી
- વાવેતર પહેલા પોષણક્ષમ ભાવોની જાહેરાત
- વ્યાપક પાક વીમા યોજના
- વિનામૂલ્યે સિંચાઈનું પાણી

**યુવા રોજગાર-રમતગમત**
- ૨૫ લાખ યુવાનોને સ્વરોજગારી માટે રૂા. ૩૨૦૦૦ કરોડના ધિરાણની જોગવાઈ
- બેરોજગાર યુવકોને રૂા.૪૦૦૦/- સુધીનું બેકારી ભથ્થું
- સરકારી વિભાગોમાં કોન્ટ્રાક્ટ, ફીક્સ પગારની નાબૂદી કરી કાયમી નોકરી

**મહિલાઓ**
- દરેક સમાજની મહિલાને **'ઘરનું ઘર'**
- પ્રાથમિકથી પીએચડી મફત કન્યા કેળવણી

**વિદ્યાર્થીઓ**
- તમામ સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલો-કોલેજો ફી નિયંત્રણ ધારામાં • ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ માટે પરવડે તેવી ફી વ્યવસ્થા
- કોલેજોના વિદ્યાર્થીઓને લેપટોપ/સ્માર્ટ ફોન

**આરોગ્ય**
- વિનામૂલ્યે પરવડે તેવી આરોગ્ય સેવા માટે **સરદાર પટેલ યુનિવર્સલ હેલ્થ કાર્ડ**
- દરેક વિસ્તારમાં મહોલ્લા ક્લિનિક
- કિફાયતી દવા માટે રાજીવ ગાંધી ફાર્મસી

**ઘરનું ઘર - આવાસ**
- સામાન્ય નાગરિકો માટે રાજ્યમાં ૨૫ લાખ EWS/LIG આવાસોનું નિર્માણ
- સરકારી જમીનો પર વસવાટ કરતા નાગરિકોને સ્થળ ઉપર/વૈકલ્પિક વ્યવસ્થા
- ઘરવિહોણાને પરવડે તેવી શરતે ફાળવણી

**વેપાર-ઉદ્યોગ**
- નાના વેપારીઓ/ઉદ્યોગો, ટેક્સટાઈલ્સ જોબ વર્ક માટે જીએસટીમાંથી મુક્તિ માટે રજૂઆત
- નાના ઉદ્યોગકારો/યુવાનોને GIDCમાં ઝીરો ડાઉન પેમેન્ટથી શેડ/પ્લોટની ફાળવણી
- નાના દુકાનદારોને મિલકત વેરામાં ૫૦ ટકા માફી

**કાયદો અને વ્યવસ્થા**
- આતંકવાદ, કોમવાદ સામે ઝીરો ટોલરન્સ
- પાટીદાર આંદોલન સહિતના જન આંદોલનોમાં કિન્નાખોરીથી આંદોલનકારીઓ સામે કરવામાં આવેલા ખોટા કેસો પાછા ખેંચાશે અને જુલમો માટે તપાસ અને કાર્યવાહી
- ગુજરાતમાં ગુંડારાજનો અંત લવાશે, ગંભીર ગુનાઓ માટે ફાસ્ટટ્રેક કોર્ટો બનાવાશે

**મોંઘવારી**
- પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રૂા.૧૦/- સુધીનો ઘટાડો
- વીજળીના ભાવોમાં ૫૦% સુધીનો ઘટાડો
- ૨૦૦ યુનિટ સુધીના વીજ વપરાશકારોને રૂા. ૨/- પ્રતિ યુનિટના દરે વીજળી
- વ્યક્તિ દીઠ પાંચ કિલો ઘઉં (રૂા.૨/- કિલો)

**ગ્રામીણ વિકાસ**
- વિસ્થાપન અટકાવવા સ્માર્ટ વિલેજની રચના
- દરેક ગામડામાં પાણી-સ્ટ્રીટ લાઈટ અને તેના ખર્ચની રાજ્ય સરકાર દ્વારા ચૂકવણી

**કામદારો**
- મજૂર કાયદા અને લઘુતમ વેતન ધારાનો પ્રમાણિક અમલ
- લઘુતમ વેતન ધારાનો વાર્ષિક રીવ્યુ અને મોંઘવારી ભથ્થા સાથ લિન્કેજ
- સમાન કામ-સમાન વેતન અને સ્થાનિકોને રોજગારીની જોગવાઈનો અમલ
- કામદારો માટે ફાસ્ટટ્રેક લેબર કોર્ટની રચના
- અસંગઠિત ક્ષેત્રના ડાયમંડ, ગારમેન્ટ, ફેરિયા, લારીવાળા, રિક્ષાચાલકો, ટ્રાન્સપોર્ટ વર્કરો, માછીમારો તેમ જ અન્ય કામદારો માટે **ડૉ.બાબાસાહેબ આંબેડકર સામાજિક સુરક્ષા કાર્ડ**થી અકસ્માત વીમો, આરોગ્ય, બાળકોનું શિક્ષણ, આવાસ અને સામાજિક કલ્યાણની યોજનાનો લાભ
- **રિક્ષા ડ્રાઈવર વેલ્ફેર બોર્ડ** અને **માછીમાર વેલ્ફેર બોર્ડ**ની રચના
- કામદારો-કર્મચારીઓને પ્રોફેશનલ ટેક્સમાં માફી

**સામાજિક સુરક્ષા**
- **ઈન્દિરા કેન્ટીન**માં રૂા.૧૦માં ભોજન
- બંધ કરી દેવામાં આવેલા દિવ્યાંગો/વિધવા/સીનીયર સીટીઝન પેન્શન સહિત તમામ યોજનાનો રીવ્યુ કરી વધારો અને ફરીથી શરૂઆત
- બીપીએલના નવા ધોરણો સાથે નવો સર્વે


**અનુસૂચિત જાતિ**
- વર્ગ ૩-૪ સહિતની તમામ સરકારી નોકરીઓમાં ભરતીની પ્રક્રિયા શરૂ
- બેરોજગાર યુવાનોને સ્વરોજગારી માટે **સંત રોહીદાસ ફાઉન્ડેશન**ની રચના
- ભૂમિહીનો માટે જમીન અને આવાસની ફાળવણી અને કબજો
- સફાઈ કર્મચારીઓ માટે કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરી કાયમી કરાશે

**અનુસૂચિત જનજાતિ**
- આદિવાસીઓને જંગલ અધિકાર, પેસા એક્ટનો અમલ કરાશે
- આદિવાસી યુવાનોને સ્વરોજગારી માટે **વિરસા મુંડા ફાઉન્ડેશન**ની રચના
- આદિવાસી વિસ્તારના દરેક ગામમાં પીવાના પાણીની અને સિંચાઈની વ્યવસ્થા

**લઘુમતિ**
- લઘુમતિ કમિશન અને મંત્રાલયની રચના
- વકફ બોર્ડને વધુ સુદ્દઢ કરાશે
- તમામ યોજનાના અમલમાં સમાનતા

**ઓબીસી/માલધારી**
- સ્વરોજગારી માટે **વિશ્વકર્મા ફાઉન્ડેશન**ની રચના
- માલધારીઓને ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર ગૌચરની વ્યવસ્થા • પશુ માટેના વાડા નીમ
- વિચરતી વિમુક્ત જાતિ માટે ઓળખપત્ર અને તમામ યોજનાઓના લાભો

**પાટીદાર/સ્પેશિયલ કેટેગરીને રિઝર્વેશન તથા તમામ આર્થિક રીતે નબળા વર્ગને લાભ**
- બંધારણના આર્ટીકલ ૩૧ સી અને ૪૬ના પ્રાવધાનોને આધારિત પાટીદારો સહિતની સ્પેશિયલ કેટેગરીને ઓબીસીને સમાન ન્યાય માટે વિધાનસભામાં વહેલામાં વહેલું બીલ રજૂ
- રાજ્યના અન્ય સમાજના તમામ ગરીબ/મધ્યમવર્ગના નાગરિકોને પણ એસટી/એસસી/ઓબીસીના ધોરણે લાભ



આવો, કોંગ્રેસનું બટન દબાવી નવસર્જનની શરૂઆત કરીએ...

કોંગ્રેસની પ્રજાકીય ઘોષણાઓને વધાવીએ...

કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

પ્રકાશક : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ